GJSN040004702026

દાખલ તારીખઃ–     ૦૧/૦૫/૨૦૨૬
રજી. લીધા તારીખઃ–૦૧/૦૫/૨૦૨૬
ફેસલ તારીખઃ–     ૧૬/૦૭/૨૦૨૬

# સાયલા ના માહે.પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબ ની કોર્ટમાં,સાયલા.

**દિવાની પર.અરજી નં. ૨/૨૦૨૬**

અરજદાર    જહુબેન વાઘાભાઈ ચાવડા
ઉ.વ. ૬૫ ધંધો–મજુરી
રહે.ધાંધલપુર તા.સાયલા જિ.સુરેન્દ્રનગર

**વિરુધ્ધ**

સામાવાળા    કોઈ નહીં.

**અરજ : વારસા સર્ટીફીકેટ મેળવવા બાબત.**

અરજદાર તર્ફે    વિ.વ.શ્રી પી.આર.વોરા
સામાવાળા તર્ફે    –

## ચુકા દો

૧. અરજદાર એ હાલની અરજી તેઓ ની પુત્રી સ્વ.ટીનુબેન વાઘાભાઈ ચાવડા નુ તા. ૬/૩/૨૦૨૩ ના રોજ અમદાવાદ ખાતે અવશાન થયેલ. અરજદાર ને તેઓ ના લગ્ન વાઘાભાઈ સાથે થયેલ અને તેઓ ને લગ્ન જીવનથી દશ બાળકો થયેલ જેમાં (૧) પુત્રી સ્વ.મંજુબેન વાઘાભાઈ ચાવડા નિઃસંતાન (૨) પુત્રી સ્વ.ટીનુબેન વાઘાભાઈ નિઃસંતાન (૩) પુત્ર સ્વ.મનુભાઈ વાઘાભાઈ નિઃસંતાન (૪) પુત્ર બાદલભાઈ વાઘાભાઈ ચાવડા (૫) પુત્ર વીકીભાઈ વાઘાભાઈ ચાવડા (૬) પુત્રી મણીબેન વાઘાભાઈ ચાવડા વા/ઓ બીજલભાઈ જાદવ

(૭) પુત્રી મીનાબેન વાઘાભાઇ ચાવડા વા/ઓ કમાભાઇ જાદવ (૮) પુત્રી ચંપાબેન વાઘાભાઇ ચાવડા વા/ઓ કાનજીભાઇ બથવાર (૯) પુત્રી પાલુબેન વાઘાભાઇ ચાવડા વા/ઓ નાગરભાઇ રાઠોડ (૧૦) પુત્રી કનુબેન વાઘાભાઇ ચાવડા વા/ઓ પ્રવિણભાઇ બથવાર નાઓનો જન્મ થયેલ.

ગુજરનાર ટીનુબેન વાઘાભાઇ ચાવડા ના નામે ધાંધલપુર તા.સાયલા મુકામે પંજાબ નેશનલ બેન્ક ધાંધલપુરની શાખામાં ખાતા નં.૧૩૯૭૦૦૧૭૦૦૦૨૩૬૬૭થી ખાતુ ચાલતુ હતુ અને તેમાં બેંક દ્વારા પ્રધાન મંત્રી જીવન જયોત બીમા યોજના (પી.એમ.જે.જે.બી.વાય) યોજના હેઠળ વિમો લીધેલ હતો અને તે વિમા અંતર્ગત વર્ષે રુ. ૪૩૬/- પ્રીમીયમ ભરતા હતા.તેમની પુત્રીનુ તા. ૬/૩/૨૦૨૩ ના રોજ થયેલ છે,અને તે વિમાની પોલીસી અનુસાર રૂ.૨,૦૦,૦૦૦/- અંકે રુ.બે લાખ પુરા મરણ જનારના વારસાદારને મળવા પાત્ર થાય છે તે મુજબની પોલીસી મેળવેલ હતી.તેઓ હિન્દુ વારસા અધીનીયમ ૧૯૫૬ ની કલમ (૧)(ભ) મુજબ મળવા પાત્ર થાય છે.

અરજદારે મર્હુમ ની મળવા પાત્ર વીમાની રકમ રૂ.૨,૦૦,૦૦૦/- મેળવવા માટે કાર્યવાહી કરતા બેંક તરફથી વારસાઇ સર્ટીફીકેટ લાવવા માટે સલાહ આપેલી. જેથી સદર અરજી ના.કોર્ટમા દાખલ કરેલ છે. તેથી સદર સ્વ.ટીનુબેન વાઘાભાઇ ચાવડા ના વારસદાર તરીકે વારસા સર્ટીફીકેટ કાઢી આપવા અરજદારે હાલની અરજી દાખલ કરેલ છે.

૨. અરજ અન્વયે જાહેર વાંધાઓ મંગાવતી જાહેર નોટીસ સંદેશ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ. જે અન્વયે કોઈ વાંધાઓ રજૂ થયેલ નથી. સદર સમાચાર પત્ર આંક- ૪/૧ થી રજુ છે.

૩. અરજદારોએ તેમની અરજીના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજુ થયેલો છે.

**<u>પુરાવો :-</u>**

| | |
|---|---|
| આંક – ૬ | વિકીભાઇ વાઘાભાઇ ચાવડા ની જુબાની |
| આંક – ૭ | બાદલભાઇ વાઘાભાઇ ચાવડા ની જુબાની |
| આંક –૮ | મણીબેન વાઘાભાઇ ચાવડા વા/ઓ બીજલભાઇ જાદવ ની જુબાની |
| આંક–૯ | મીનાબેન વાઘાભાઇ ચાવડા વા/ઓ કમાભાઇ જાદવ ની જુબાની |
| આંક–૧૦ | ચંપાબેન વાઘાભાઇ ચાવડા વા/ઓ કાનજીભાઇ બથવાર ની જુબાની |
| આંક–૧૧ | પાલુબેન વાઘાભાઇ ચાવડા વા/ઓ નાગરભાઇ રાઠોડ ની જુબાની |
| આંક–૧૨ | કનુબેન વાઘાભાઇ ચાવડા વા/ઓ પ્રવિણભાઇ બથવાર ની જુબાની |
| માર્ક ૩/૧ | પ્રધાન મંત્રી જીવન જયોત બીમા યોજના નુ ભરેલ ફોર્મ |
| માર્ક ૩/૨ | બેન્ક પાસબુક |
| માર્ક ૩/૩–૪ | ટીનાબેન નુ આધાર કાર્ડ તથા મરણનો દાખલો |
| માર્ક ૩/૫ | વાઘાભાઇ ના મરણમો દાખલો |
| માર્ક ૩/૬ | અરજદારનુ આધાર કાર્ડ,ચુંટણી કાર્ડ, બેંક પાસબુર ની નકલ |
| માર્ક ૩/૭ | પેઢી આંબો |

આ કામે અરજદારના વિ.વ.શ્રીએ પુરાવો પુરો થયાની જાહેરાત કરેલ છે.

૪. સાંભળ્યા, અરજ તથા રજુ થયેલ પુરાવો ધ્યાને લીધો.

૫. સદર કામેથી અરજદારએ તેમની જુબાનીમાં પોતાની અરજી મુજબની

હકીકત જણાવેલ છે અને અરજદારના પુત્ર અવસાન પામેલ છે અને અરજદાર મર્હુમના માતા હોઇ તેઓ કાયદેસરના વારસ હોઈ તેમના મર્હુમ પુત્રી ટીનુબેન વાઘાભાઈ ચાવડા ના નામે પંજાબ નેશનલ બેન્ક ધાંધલપુર ની શાખામાં ખાતા નં.૧૩૯૭૦૦૧૭૦૦૦૨૩૬૬૭ની વીમા ની રકમ સંબંધે વારસા સર્ટિફીકેટ મેળવવા હાલની અરજ ગુજારેલ છે. અરજદારએ તેમની અરજીના સમર્થનમાં દસ્તાવેજી પુરાવા આપેલા છે તે જોતાં અરજદાર તથા સામાવાળાઓએ એવો પુરાવો આપેલ છે કે તેઓની પુત્રી સ્વ.ટીનુબેન વાઘાભાઈ ચાવડા નુ તા. ૬/૩/૨૦૨૩ ના રોજ અમદાવાદ ખાતે અવશાન થયેલ.માર્ક ૩/૪થી મરણનો દાખલો રજુ છે તથા મરણજનાર ના પિતા એટલે કે અરજદારના પતિ વાઘાભાઈ અમરાબાઇ બિજલભાઈ ચાવડા નાઓનુ પણ માર્ક ૩/૫ થી મરણનો દાખલો રજુ કરેલ છે. સદર યોજના હેઠળ ખાતેદાર મૃત્યુ પામે તો તેના વારસદારો વારસાઇ સર્ટીફીકેટ (સકશેસન સર્ટી.) રજુ કર્યેથી વીમાની યોજનાનો લાભ આપવાની આગળની કાર્યવાહી થઇ શકે. સદર કામે મરણજનાર નિઃસંતાન હોવાનુ સોગંદનામું કરેલ છે તથા તેના સમર્થન તેઓ ના ભાઇ/બહેન નાઓ એ અરજદારની તરફેણમાં સોગંદનામુ કરેલ છે,કે અરજદાર /મરણજનાર ની માતાને પણ સદર વિમા ની રકમ અરજદારને આપવામાં આવે તો વાંધો હોય તેવું દર્શાવેલ નથી.

આમ, સદર કામે અરજદારના મૃત્ક પુત્રી સ્વ.ટીનુબેન વાઘાભાઈ ચાવડા નુ તા. ૬/૩/૨૦૨૩ ના રોજ અમદાવાદ ખાતે અવશાન થયેલ તેઓ નો મરણનો દાખલો માર્ક ૩/૪ થી રજુ છે . સદર રકમ બાબતે પેપર માં જાહેરાત આપ્યા છતાં કોઈ એ વાંધો રજુ કરેલ નથી.સદર ગુજરાનાર ટીનુબેન વાઘાભાઈ નામે પંજાબ નેશનલ બેન્ક ધાંધલપુર ની શાખામાં ખાતા નં.૧૩૯૭૦૦૧૭૦૦૦૨૩૬૬૭ ના ખાતા મા પડેલ રકમ તથા સદર ખાતામાંથી પી.એમ.એસ.બી.વાય યોજના હેઠળ લાભ મેળવવા આગળની કાર્યવાહી કરવા અરજદાર હક્કદાર હોવાનુ રેકર્ડ

પરથી જણાતુ હોઇ ,  સદર અરજી મા ન્યાયના હિતમા નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુ ક મ ::-</u>**

- અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.
- અરજદારે જરૂરી સ્ટેમ્પ રજુ કરેથી અરજદાર  જહુબેન વાઘાભાઇ ચાવડા ના નામનું તેઓની મર્હુમ પુત્રી ટીનુબેન વાઘાભાઇ ચાવડા ના નામે પંજાબ નેશનલ બેંક,ધાંધલપુર શાખા ના  ખાતા નં. ૧૩૯૭૦૦૧૭૦૦૦૨૩૬૬૭ માં પડેલ રકમ/નાણાં તથા સદર ખાતામાથી વીમા ની આગળની કાર્યવાહી કરવા અંગે વારસા સર્ટીફીકેટ મેળવવા,વારસા પ્રમાણ પત્ર કાઢી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

૧૬/૦૭/૨૦૨૬
સાયલા

(મુનાફભાઇ રસુલભાઇ કોઠારીયા)
પ્રિન્સીપાલ સિવિલ જજ,સાયલા
જીજે-૦૧૬૧૧